GJVD020737942024

## *વડોદરાના મહે. ૧૦માં એડીશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. વડોદરા.*

**ક્રિ.કેસ નં.૬૪૧૬૫/૨૦૨૪**

**ફરિયાદી :** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**વિ.**

**આરોપી :** **સંભાજી ઉત્તમરાવ સોનટકી**

### –:: આંક : ૦૧ લગત હુકમ ::–

(૧) સદર કામે આરોપી/આરોપીઓ સામે પ્રોહિબીશન એકટની **કલમ : ૬૬(૧)બી, ૮૫** મુજબનું ચાર્જશીટ આ કામે રજૂ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતાં આજરોજ આરોપી હાજર રહેલ છે. આજરોજ સ્પે.સીટીંગના પાવર્સ આ કોર્ટને આપવામાં આવેલ છે. આરોપીને સદર ગુના બાબતે પુછતાં આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કરવાનું જણાવે છે.

(૨) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી અદાલત સમક્ષ જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી. અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ. અમોને મજુરી પણ દરરોજ મળતી નથી. જેથી અમો અમારૂ તેમજ આમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતીમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ છે. અમોએ દારૂ પીધેલી હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી કે અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારામારી કરેલ નથી અને તે મુજબનો અમારા વિરૂધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીને છાકટો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત કાયમી રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા

દરમ્યાન અમારે વારંવાર અદાલતમાં  આવાવાની જરૂર પડે ઉપરાંત વકિલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોય, અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. સદર આરોપીને કબુલાત સબબ જણાવવામાં આવેલ છે કે, તેઓ કબુલાત કરવા બંધાયેલા નથી અને તેમ છતાં કબુલાત કરશે તો કાયદાનુસાર મહત્તમ સજા થઈ શકે છે. તેમ છતાં, આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલ છે. વધુમાં, આરોપીને વિનામુલ્યે કાનુની સહાય મળી શકે તે બાબતે જણાવતાં પણ પોતે વકીલ નહી રોકવા માંગતા હોવાની રજૂઆત કરેલ છે.

(૩) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતાં તથા આ કામે આરોપીએ રજૂ રાખેલ ગુના કબૂલાત પુરસીસની વિગતો વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છિક કબુલાત કરતાં હોવાનું ફલીત થાય છે. આરોપીને આઈડેન્ટીફાય કરવામાં આવેલા છે અને તેમની સામેનું ચાર્જશીટ જોતાં આરોપી/ઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાનું ફલીત થતું નથી. કેસના સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુંબીક જવાબદારીને ધ્યાને લેતાં તથા આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય તે તમામ હકીકતને નિગાહે લેતાં અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં ન્યુનતમ સજા બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ, ફરીયાદ પક્ષની ફરીયાદ તથા પંચનામું તથા સાધનિક કાગળો ધ્યાને લેતાં **કલમ : ૬૬(૧)બી, ૮૫** મુજબનો ગુનો પુરવાર કરવા યોગ્ય હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત થયેલ હોવાનું જણાઈ આવતું નથી. જેથી તે તમામ હકીકતની સાથે સાથે આરોપીની વર્તણુક અને તેની સામે અન્ય કોઈ ગુના નોંધાયેલા હોય તેવો હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજૂ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપી/આરોપીઓની આર્થિક તેમજ કૌટુંબીક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા, અને નામદાર ગુજરાત હાઈકોર્ટનો પ્રસ્થાપિત ચુકાદામાં નીચે મુજબના કરેલ ઓબ્ઝર્વેશન ધ્યાને લઈએ:-

***STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709***

*"The word '**special**' has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused" (Para 42; See also Paras 35, 43 and 44)*

આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવું આ કોર્ટનું માનવું હોઈ ન્યાયના હિતને ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

***–:: હુકમ ::–***

આ કામના આરોપી **સંભાજી ઉત્તમરાવ સોનટકી** નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ : ૨૪૧ અન્વયે **પ્રોહિબીશન એકટની કલમ : ૬૬(૧)બી, ૮૫** મુજબના ગુના સબબ તકરસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૧ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે જો કોઈ વાહન/મોબાઈલ મુદ્દામાલ તરીકે કબજે કરેલ હોય અને જો તે અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ મુદ્દામાલ અંગે ઈન્કવાયરી કરી માલિકીના ઓળખના આધાર પુરાવા લઈ તેના મુળ માલિકને પરત કરવો.

હુકમ આજરોજ તારીખ : **૧૪ મી, માહે : ડિસેમ્બર, સને : ૨૦૨૪** ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

**DATE:** ૧૪-૧૨-૨૦૨૪
**VADODARA**

**AAYMAN S MEMON**
**10TH J.M.F.C**
**VADODARA**
**GJ01675**

પાવતી નં.
તારીખઃ– ૧૪-૧૨-૨૦૨૪
રૂપિયાઃ–

નાઝર
ચિફ જયુડી.મેજી.કોર્ટ, વડોદરા